**ભ્રષ્ટાચાર મુદ્દે વિવાદોમાં રહેતી**

# મોડાસા આરટીઓમાં ગુજરાત વાહન વ્યવહાર કમિશનરે ઓચિંતા રેડ કરતાં સન્નાટો

## ૧૩ થી ૧૪ એજન્ટોની અટકાયત કરાઈ : મોડાસા ટાઉન પોલીસ આરટીઓ મથકે આવી એજન્ટોને પોલીસ મથકે લઇ ગઇ

બાયડ, હિંમતનગર તા.૦૫

અરવલ્લી જિલ્લાની મુખ્ય આરટીઓ કચેરી માજુનીએ કમીશ્નર સહિતની ટીમે સરપ્રાઈઝ ચેકીંગ હાથધરતાં દોડધામ મચી જવા પામી હતી અને દરેક કામ માટે અરજદારોને એજન્ટોનો જ સંપર્ક કરવો પડે છે. જ્યારે આરટીઓના અધિકારીઓ કામ મુજબ ૧૦-૩૦ નો હોવા છતાં વાહન પાસીંગ માટે અધિકારીઓને બપોરે ૧૨-૩૦ પછી જ



### ગુજરાત વાહન વ્યવહાર કમિશનર રાજેશ માજુની કમિશનર સહિતની ટીમ આરટીઓ કચેરીમાં ઉતરી પડી

અરવલ્લી જિલ્લાના વડા મથક મોડાસા ખાતે આવેલી મુખ્ય આરટીઓ કચેરીમાં ગાંધીનગર આરટીઓ વિભાગનાં આરટીઓ વિભાગના ગુજરાત વાહન વ્યવહાર કમિશનર રાજેશ માજુનીએ કમીશ્નર સહિતની ટીમે સરપ્રાઈઝ ચેકીંગ હાથધર્યું હતું અને નિયમોનું ઉલંઘ્ધન કરી વાહન પાસીંગ, નવા લાયસન્સ સહિતની કામગીરી કરનાર અંદાજે ૧૩ થી ૧૪ આરટીઓ એજન્ટોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી પણ હાથધરી હતી. તેમજ મોડાસા ટાઉન પોલીસ આરટીઓ મથકે આવી એજન્ટોને પોલીસ મથકે લઈ ગઈ હતી અને ગુજરાત વાહન વ્યવહાર કમિશનરની ફરિયાદના આધારે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### અત્રેની વડી કચેરીમાંથી ૧૪ બિન અધિકૃત એજન્ટોની મારી ફરિયાદના આધારે અટકાયત કરવામાં આવશે - વાહન વ્યવહાર કમિશનર

અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસા ખાતે આવેલ આરટીઓ કચેરીમાં વાહન વ્યવહાર કમિશનર રાજેશ માજુનીએ હાથ ધરેલી સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન જણાવ્યું હતું કે, આજરોજ તારીખ ૫ ૩ ૨૦૨૦ ના રોજ અરવલ્લી આરટીઓ કચેરી ખાતે વિભાગ દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવી છે જેમાં અત્રેની વડી કચેરીમાંથી ૧૪ બિન અધિકૃત એજન્ટો મળી આવતા મારી ફરિયાદના આધારે અટકાયત કરવામાં આવશે.

આવે છે જેમાં લાયસન્સ કઢાવવું, રીન્યુ કરવું, ટુ કામગીરીઓ ઓનલાઈન તેમજ સીધી અરજદારો દ્વારા જ ફરજીયાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને જેના ભાગરૂપે સમગ્ર રાજ્ય સાથે જિલ્લાની

### નિયમોનો ઉલાળિયો કરી કામગીરી કરતા એજન્ટો સામે કાર્યવાહી હાથ ધરાઈ : ડેપ્યુટી કમિશનર સહિતના અધિકારીઓની ઓચિંતી તપાસથી કચેરીના અધિકારીઓ, સ્ટાફમાં દોડાદોડ થઇ : એજન્ટો કામગીરી બંધ કરી ભાગ્યા

અવાર-નવાર ચર્ચા તેમજ વિવાદોથી ઘેરાયેલી રહે છે તેમજ આરટીઓ કચેરીમાં નિયમોનું ઉલંઘ્ધન કરી કામો થતાં હોવાની પણ વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે ત્યારે આરટીઓ કચેરીમાં અચાનક આરટીઓ વિભાગના ગુજરાત વાહન વ્યવહાર કમિશનર રાજેશ આરટીઓ એજન્ટો કામગીરી બંધ કરી નાસી છુટયાં હતાં.

આ અંગે સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ અરવલ્લી જિલ્લાના વડા મથક મોડાસા ખાતે આવેલ જિલ્લાની મુખ્ય આરટીઓ કચેરીમાં જિલ્લાભરમાંથી વાહનચાલકો સહિત અરજદારો પોતાના વાહનોની કામગીરી અર્થે વ્હીલર-ફોર વ્હીલર વાહનોનું પાસીંગ, વાહન ટ્રાન્સફર, એચએસઆરપી નંબર પ્લેટ સહિતની અનેક કામગીરી અહિં થાય છે.

જ્યારે સરકારના નિયમ મુજબ આરટીઓની મોટાભાગની દરેક

### કેટલાક અધિકારીઓ અને એજન્ટોની મિલીભગત હોવાની ચર્ચા

રાજ્ય સરકાર દ્વારા આરટીઓ કચેરીમાં એજન્ટ પ્રથા નાબુદ કરવામાં આવી છે પરંતુ અરવલ્લી જિલ્લાની મોડાસા ખાતે ની આરટીઓ કચેરીમાં હજુ પણ દરેક કામગીરી એજન્ટો દ્વારા જ થઈ રહી હોવાની તેમજ સ્થાનિક આરટીઓ કચેરીના અમુક અધિકારીઓ અરજદાર દીઠ કામ મુજબ હપ્તા લેતા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

આરટીઓ કચેરીમાં પણ એજન્ટ પ્રથા બંધ કરવામાં આવી જોઈએ પરંતુ અરવલ્લી જિલ્લામાં મુખ્ય આરટીઓ કચેરીમાં હજુ પણ આરટીઓના પરીસરમાં આરટીઓ એજન્ટોની હારમાળા જોવા મળે છે અને એજન્ટો પાસેથી અરજદાર દીઠ નક્કી કરેલ રકમ લેતાં હોવાનું પણ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

આ ઉપરાંત આરટીઓ તંત્ર દ્વારા ઈરાદાપૂર્વક દરેક અરજદારને બે વસ્તુની ટ્રાયલ માટે બોલાવ્યા બાદ કોઈપણ એક ટ્રાયલમાં ફેલ જણાવી ફરીથી ધક્કો ખવડાવે છે તેમજ ઓફીસનો સમય કામગીરી સોંપાય છે જેના કારણે અરજદારોને વાહન પાસીંગ માટે કલાકો સુધી બેસી રહેવું પડે છે જ્યારે ૬-૦૦ વાગ્યે ઓફીસ કામગીરી બંધ થઈ જતાં અનેક અરજદારોને વાહનપાસીંગ માટે પણ ધક્કો ખાવો પડતો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

# બાયડના ધારાસભ્યનું મોંઘવારીનું તરકટ મતદારોએ ફગાવ્યુ

## અરવલ્લી જિલ્લાના સ્થાનિક સ્વરાજ્યના જંગમાં ભાજપાએ ૯૦ ટકા બેઠક જીતી ઈતિહાસ રચ્યો : પ્રમુખ-ઉપપ્રમુખ-કારોબારી અધ્યક્ષ માટે કોઈની ભલામણ કરાવશો નહી : જિલ્લા સંગઠન પ્રભારી

બાયડ, તા. ૫

અરવલ્લી જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જંગમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાના જંગમાં જીતેલા ઉમેદવારોનો અભિવાદન સમારોહ તા. ૫ માર્ચના રોજ મોડાસાના કુમકુમ પાર્ટી પ્લોટમાં યોજાઈ ગયો. જિલ્લામાં ભાજપાના ભવ્ય વિજય બદલ સંગઠન હોદ્દેદારોએ અભિનંદન પાઠવ્યા હતા. બાયડના કોંગ્રેસી ધારાસભ્યએ ચૂંટણી દરમ્યાન મોંઘવારી મુદ્દે તરકટ રચ્યું છતાં બાયડ પાલિકા, બાયડ તાલુકા પંચાયત અને માલપુર તાલુકા પંચાયમાં કોંગ્રેસનો ભૂંડો પરાજય થયો છે તેમ જિલ્લા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલે જણાવ્યુ હતુ.

જિલ્લાના ઈતિહાસમાં પ્રથમવાર સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં ભાજપાનું કમળ સર્વત્ર ખિલ્યુ છે. ત્યારે ચૂંટાયેલા તમામ સભ્યોનું અભિવાદન કરતાં જિલ્લા સંગઠન પ્રભારી, પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રભાઈ પાઠકે જણાવ્યું હતું કે ભાજપાએ યોગ્ય અભ્યાસ કરી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકામાં ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા અને હવે પ્રજાના કામો માટે સતત મહેનત કરી વર્ષ ૨૦૨૨માં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં બાયડ, મોડાસા, ભિલોડા બેઠકમાં કમળ ખીલવવા અનુરોધ કરી ચૂંટાયેલા સભ્યોએ પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષ બનવા માટે કોઈની ભલામણ, ફોન ન કરાવવા જિલ્લા સંગઠન પ્રભારી રાજેન્દ્રભાઈ પાઠકે માર્મિક ટકોર કરી હતી. પૂર્વ જિલ્લા ભાજપા સંગઠન પ્રમુખ ભરતસિંહ રહેવરે તમામ ચૂંટાયેલા સભ્યોને પક્ષની ગરીમાને અનુરૂપ રહી પોતાના વિસ્તારના લોકકલ્યાણ અને વિકાસના કામો કરવા જણાવ્યું હતું.

### ચૂંટાયેલા સભ્યો કોન્ટ્રાક્ટરોના વળગણથી દૂર રહે, સંગઠન પ્રમુખ

જિલ્લા ભાજપા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલે ચૂંટાયેલા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાના સભ્યોને શુભેચ્છા પાઠવવાની સાથે સભ્યો કોન્ટ્રાક્ટરોને લેટર પેડ આપવાના વળગણથી દૂર રહે તેવી ટકોર કરીને ચૂંટાયેલા પ્રતિનિધી છેવાડાના માનવી માટે સરકારની યોજનાઓ ઉપલબ્ધ કરાવવાના કામે લાગી જાય તેમ જણાવ્યુ હતુ.

### મત માંગવા ગયા ત્યારે જેવા નમ્ર હતા તેવા જ રહેશો : કનુભાઈ પટેલ

જિલ્લા ભાજપા અગ્રણી કનુભાઈ રવજીભાઈ પટેલે અભિવાદન સમારોહમાં ચૂંટાયેલા પ્રતિનિધીઓને રજૂઆત સમયે અધિકારીઓ સાથે વિનમ્રતા દાખવે તેમજ મત માંગવા ગયા ત્યારે જેવા નમ્ર હતા તેવા જ ચૂંટાયા પછી લોકો વચ્ચે જાઓ ત્યારે નમ્ર રહેશો તો પક્ષનું કદ પણ વધશે તેમ જણાવ્યું હતું.

### ભરતસિંહ રહેવરની રણનીતિ રંગ લાવી : જિલ્લા પ્રભારી

અરવલ્લી જિલ્લા પ્રભારી રાજેન્દ્રભાઈ પાઠકે સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં પૂર્વ સંગઠન પ્રમુખ ભરતસિંહ રહેવરની રણનીતિને વખાણી હતી. તેમના કારણે તાલુકા પંચાયતની કેટલીક બેઠકો બિન હરીફ થયાનું પણ જણાવ્યુ હતુ.

### સાંસદ દિપસીંહ રાઠોડની સરળતા ઉપર સંગઠન ફિદા

જિલ્લા ભાજપ સંગઠને સાંસદ દિપસિંહ રાઠોડે ચૂંટણી જંગ દરમ્યાન ટીકીટ આપવા માટે કોઈ ભલામણ કરી નથી તે તેમની મહાનતા હોવાનું જિલ્લા પ્રભારી રાજેન્દ્રભાઈ પાઠકે જણાવ્યુ હતુ.

# બાયડ પાલિકામાં ભાજપાનો ગઢ આવ્યો પણ સિંહ ગયો

## ભલુભાઈ પટેલની રણનીતિથી ભાજપાને ફાયદો

બાયડ, તા. ૫

બાયડ પાલિકાના ઐતિહાસિક ચૂંટણી જંગમાં ભાજપાએ ૧૭ બેઠક જીતી ઈતિહાસ રચ્યો. પાલિકામાં ભાજપાનો ગઢ આવ્યો પરંતુ વોર્ડ નં. ૪ માં ભાજપાના ભલુભાઈ પ્રેમજીભાઈ પટેલનો પરાજય થતાં ભાજપા માટે ગઢ આયો પણ સિંહ ગયો જેવી સ્થિતિ જોવા મળી. કોંગ્રેસની રણનીતિ ભેદવામાં ભલુભાઈ પટેલની રણનીતિ કામીયાબ સાબિત થઈ પરંતુ તેઓ જીતી ન શકતાં વોર્ડ નં. ૪ ના મતદારોમાં નિરાશા જોવા મળી હતી.

ચૂંટણી જીતવા માટે યોગ્ય આયોજન કરવું પડતું હોય છે. બાયડ પાલિકાના જંગમાં કોંગ્રેસના દિગ્ગજો એક થયા પછી ભાજપાના નવયુવાનો શુ કરશે !! તેવી હાંસી ઉડાવતા હતા. પરંતુ પરીણામોએ સાબિત કરી દેખાડ્યું કે યુવાનો જ બાયડનું ભવિષ્ય છે. બાયડ પાલિકામાં ભાજપાએ ૧૭ બેઠક મેળવી પરંતુ વોર્ડ નં. ૪ માં ભાજપાના ભલુભાઈ પટેલે એકલા હાથે કોંગ્રેસના મહારથીઓને ટક્કર આપી. પરંતુ અયોધ્યાનગર વિસ્તારમાં કેટલાક મતદારોએ વિશ્વાસ તોડતાં તેઓનો પરાજય થયો. અત્યારે તો બાયડ પાલિકામાં ભાજપાનો ગઢ આવ્યો પણ સિંહ ગુમાવ્યા જેવો ઘાટ સર્જાયો છે.



# બાયડના તબીબ દંપતિને હજારો લોકોની શ્રદ્ધાંજલિ

બાયડ, તા. ૫

બાયડના જાણીતા તબીબ ડૉ. મયુરભાઈ શાહ (વાત્સલ્ય હોસ્પિટલ-બાયડ) અને ડૉ. પ્રેરણાબેન શાહનું કાર સળગી જતાં કરૂણ મોત નિપજયુ હતુ. તા. ૫ માર્ચના રોજ બાયડની સ્વામીનારાયણ સોસાયટીમાં તેમના નિવાસસ્થાને યોજાયેલ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં બાયડ-ધનસુરા મેડીકલ એસોસીએશન, બાયડ કેમીસ્ટ એસોસીએશન, વેપારી મંડળ, બાયડના નાગરીકો સહીત હજારો



લોકોએ અશ્રુધારા સાથે શ્રદ્ધાંજલિ આપી હતી.

જાણીતા ગાયનેક તબીબ દંપતિના મોતથી સમગ્ર પંથક શોકમાં ગરકાવ છે. શુક્રવારે યોજાયેલ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં બાયડ-ધનસુરા સહીત જિલ્લાના અનેક વિસ્તારોમાંથી તેમના સંબંધી, મિત્રો ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ આપી હતી. તબીબ દંપતિ તેમના પુત્ર ડૉ. હિમીલ શાહ, પુત્રી પંક્તિ શાહ સહીતના પરીવારને કલ્પાંત કરતા છોડી ગયા છે. ડોક્ટર પરિવારને ઉપસ્થિત લોકોએ સાંત્વના આપી હતી.

**સત્તા છીનવાઈનો સ્વીકાર કરવો મુશ્કેલ !!**

# બાયડ પાલિકામાં ''હાથીયો'' કોંગ્રેસની સત્તાની મધલાળ પાળી રહ્યો છે

## નશો ઉતર્યો હોય તો પરીણામ ઉપર નજર કરો

બાયડ, તા. ૫

બાયડ પાલિકામાં મતદારોએ કોંગ્રેસના સૂપડાં સાફ કરી દીધા છે. કોંગ્રેસ સત્તા છીનવાઈ હોવા છતાં હજુ સ્વીકારતી નથી !! ત્યારે બાયડ પાલિકામાં ''હાથીયો'' કોંગ્રેસની સત્તા આવશે તેવી મધલાળ ટપકાવી રહ્યો છે. લાગે છે હાથીયાને દારૂનો નશો ઉતર્યો નથી. નશો ઉતર્યો હોય તો બાયડ પાલિકાના પરીણામ ઉપર નજર કરશે તો ૧૭ બેઠક સાથે ભાજપાએ સત્તા હાંસલ કર્યાનું જણાઈ આવશે.

બાયડની પ્રજા, વેપારી, શ્રમજીવીઓને પોતાની બાપદાદાની જાગીરી સમજતા કેટલાક તુમાખીવાળા કોંગ્રેસીઓને શાણા મતદારોએ તમારૂ સ્થાન ક્યાં છે તે દેખાડી દીધુ છે. રોજ સવાર પડે કેટલાક લોકોનું અહિત કરવાવાળાનો મતદાર રપી ભગવાને હિસાબ કરી દીધો છે.

બાયડના મતદારોએ નિર્ભયી બની જે મતદાન કર્યુ તેને જિલ્લાની પ્રજા સેલ્યુટ આપી રહી છે. બાયડ પાલિકામાં કોંગ્રેસ ડબલ ફીંગરમાં પણ પહોંચી નથી. માત્ર ૭ બેઠક મેળવી છે છતાં ''હાથીયો'' અમે બાયડ પાલિકામાં સત્તામાં આવીશુ તેવી મધલાળ ટપકાવી રહ્યો છે. જ્યારે ચૂંટણી હાર્યા પછી કેટલાક તો સવાર-બપોર-સાંજ ચાની માફક દારૂની પોટલીઓ ઢીંચતા હોવાના વાવડ છે. બાયડ પાલિકામાં ભાજપાનું શાસન આવતાં અનેક લોકોએ પગપાળા ભવાની માતા, ગાયત્રી મંદિર, રામના તળાવ અંબાજી મંદિર, સુંદરપુરા મંદિરના દર્શન કર્યાની વિગતો પણ જાણવા મળી છે.

# ગાબટ જિલ્લા પંચાયત બેઠક ઉપર ભાજપાનું કમળ ખીલ્યુ

## જીતેન્દ્ર પટેલનો ૩૬૦૦ મતથી ઐતિહાસિક વિજય



બાયડ તાલુકાની ગાબટ જિલ્લા પંચાયત બેઠક ઉપર ભાજપાના જીતેન્દ્રકુમાર રમણભાઈ પટેલનો ૩૬૫૯ મતની સરસાઈથી ઐતિહાસિક વિજય થતાં ગાબટ પંથકમાં ખુશાલી છવાઈ છે. સતત સેવાકાર્ય, પ્રજાની વચ્ચે રહેનારા કાર્યકરોની સ્થાનિક સ્વરાજ્યના જંગમાં જીત થઈ છે. ૨ માર્ચના રોજ પરીણામ જાહેર થતાં ભાજપાના ઉમેદવાર જીતેન્દ્રકુમાર પટેલની જીત થતાં કાર્યકરોએ ફટાકડા ફોડી ભવ્ય વિજયોત્સવ મનાવ્યો હતો.

# બાયડ પાલિકામાં કોંગ્રેસની ભૂંડી હાર પછી કર્મચારીઓને હેરાન કરવાના પેતરા શરૂ

બાયડ પાલિકામાં કોંગ્રેસની ભૂંડી હારથી સનસનાટી મચી છે. કોંગ્રેસ દેખીતી હાર પચાવી શકતી નથી જેથી કર્મચારીઓને હેરાન કરવા માટે પોતાના ફોલ્ડરીયાઓ મારફતે પેંતરા શરૂ કર્યા છે. બાયડ મામલતદાર અને ટીડીઓ કોઈના ખોટા બહેકાવવામાં ન આવે અને તથ્ય વગરની ફરીયાદોમાં યોગ્ય નિર્ણય લે તેવુ પ્રજા ઈચ્છી રહી છે. કોંગ્રેસે પ્રથમ પ્રાથમિક શાળાના શિક્ષકો વિરૂદ્ધ ફરીયાદો કરી જેથી શિક્ષક કભી સાધારણ નહી હોતા, પ્રલય ઓર નિર્માણ ઈસકી ગોદમે પલતે હૈ...ચાણક્યના વાક્ય અનુસાર મા. શિક્ષકોએ કોંગ્રેસના અપ્રચારનો બેલેટથી જવાબ આપી દીધો છે. બાયડ પાલિકામાં કોંગ્રેસ પોતાની હાર સ્વીકારતી નથી. હજુ બાયડ પાલિકાનું સિંહાસન પોતાની પાસે છે તેવા મુંગેરીલાલના સ્વપ્ન જોઈ રહી છે. જ્યારે કેટલાક કર્મચારીઓ વિરૂદ્ધ ફરીયાદ કરી પજવણી શરૂ કરતાં કોંગ્રેસીઓ પર કર્મચારીઓ અને પરીવારજનો ધિક્કારની લાગણી વ્યક્ત કરતા જોવા મળ્યા છે.

**જાહેર નોટીસ**

અરજદાર વિ.વ.શ્રી એ.કે. પટેલ

બાયડના પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. બાયડ

વા.પ.અ.નં. (સીએમએ)-૧૫/૨૦૨૧

આંક - ૦૬

અરજદાર : મંગળભાઈ પ્રેમજીભાઈ પટેલ, રહે. રડોદરા, તા. બાયડ, જી. અરવલ્લી

વિરૂદ્ધ

સામાવાળા : કોઈ નહીં

અરજ : ધી ઈન્ડીયન સક્સેશન એક્ટની કલમ-૩૭૨ મુજબ વારસા સર્ટીફિકેટ મેળવવા અરજ

જાહેર નોટીસ આપી લાગતાવળગતાઓને જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારે અત્રેની કોર્ટમાં વારસા પરચુરણ દાખલ કરેલ છે, જે મુજબ અરજદારના મોટાભાઈ નામે સોમભાઈ પ્રેમજીભાઈ પટેલનાઓ તા. ૧૧/૨/૧૯૯૭ના રોજ અવસાન પામેલ, જેઓ પરણીત હતા અને તેમના પત્ની નામે લલીતાબેન સોમાભાઈ પ્રેમજીભાઈ પટેલનાઓ પણ તા. ૨૨/૧૧/૨૦૦૬ના રોજ અવસાન પામેલ. અરજદારના મોટાભાઈ નામે સોમભાઈ પ્રેમજીભાઈ પટેલનાઓ લીંક ઈનટાઈમ ઈન્ડીયા પ્રા. લી. મુંબઈના શેર સર્ટીફિકેટ નં. ૨૨૯ થી ૧૦૦૦ શેર ખરીદેલ હતા, જે હાલ અરજદારના મોટાભાઈ નામે સોમભાઈ પ્રેમજીભાઈ પટેલના નામે ચાલે છે. અરજદારના ભાઈ-ભાભીને કોઈ સંતાન ન હોઈ તેઓ અરજદાર સાથે રહેતા અને અને તેઓની દેખરેખ, સાર સંભાળ, સેવા ચાકરી અરજદાર કરતા હતા. આથી અરજદારના મોટાભાઈ નામે સોમભાઈ પ્રેમજીભાઈ પટેલના કાયદેસરના વારસદાર તરીકે ઉપર્યુક્ત દર્શાવેલ શેર સર્ટિફેકટ મેળવવા માટે વારસા સર્ટીફિકેટની આ અરજી કરેલ છે.

જેથી આ નોટીસથી લાગતા વળગતાઓને જણાવવામાં આવે છે કે, અરજદારની માગણી મુજબ વારસા સર્ટીફિકેટ આપવામાં આવે તો તેની સામે કોઈપણ ઈસમને જો કોઈ વાંધો કે તકરાર હોય તો તેમણે જાતે અગર તેમના માહિતગાર વકીલશ્રી મારફતે અત્રેની અદાલતમાં તારીખ : ૫/૪/૨૦૨૧ના રોજ કલાક ૧૧:૦૦ વાગે હાજર થઈ વાંધા રજૂ કરવા. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો, આ અંગે કોઈ ઈસમને વાંધો કે તકરાર નથી તેમ માની કોર્ટ દ્વારા આગળની યોગ્ય ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

આજ તારીખ ૨૫મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૧ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર સહી/- (પી.ડી. પટેલ) આસીસ્ટન્ટ

મુકાબલ કરનાર સહી/- (એમ.એફ. મલેક) સુપ્રીટેન્ડન્ટ

કોર્ટનો સીક્કો

હુકમથી, સહી/- (સી.બી. દવે) રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીની કોર્ટ, બાયડ

**નહેરૂ યુવા કેન્દ્ર**

હિંમતનગર (સાબરકાંઠા)

રાષ્ટ્રીય યુવા કાર્યકર તરીકે જોડાવવાની તક અરજીઓ મંગાવવામાં આવે છે

સાબરકાંઠા જીલ્લામાં રાષ્ટ્રીય યુવા કાર્યકર (NYV) તરીકે જોડાવા માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

- સાબરકાંઠા જીલ્લાના યુવક-યુવતીઓ કે જેઓ ૦૧.૦૪.૨૦૨૧ ના રોજ ૧૮ થી ૨૯ વર્ષની ઉંમર ધરાવતા તેઓ અરજી કરી શકે છે.
- આ માટે માસિક માનદ્ વેતન રૂ. ૫૦૦૦/- ચૂકવવામાં આવશે.
- કાર્યકરોએ આરોગ્ય, સાક્ષરતા,સ્વચ્છતા, જાતીય સમાનતા,ડીજીટલ ઈન્ડિયા, યુવા પ્રવૃત્તિ,સામાજિક ઉત્થાન,રમત-ગમત સ્વચ્છતા અભિયાન, અન્ય સામાજિક વિષયો અંતર્ગત કાર્ય કરવાનું.
- લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦ (એસ.એસ.સી) પાસ રહેશે. સ્નાતક અને કોમ્પ્યુટરના જાણકાર તથા ને.યુ.કે. સાથે સંલગ્ન યુવક/મહિલા મંડળના ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે.
- ઓન લાઈન અરજીપત્ર તા. ૧૮.૦૩.૨૦૨૧ સુધીમાં અમારી વેબ સાઈટ ઘઘઘ.નયકસ.નાચ.ન પર ભરવાનું રહેશે તથા તેની પ્રિન્ટ સાથે જરૂરી પ્રમાણપત્રની નકલ બીડાણ કરી અત્રેની કચેરીને નીચેના સરનામે મોકલવાની રહેશે.
- અરજદાર જે તાલુકા માટે અરજી કરે તે જ તાલુકાનો વતની હોવો જરૂરી છે.
- અરજદાર જે તાલુકા માટે અરજી કરે તે જ તાલુકાનો વતની હોવો જરૂરી છે.
- આ વોલન્ટરી સેવા છે તથા પસંદ થયેથી કાયમી રોજગારીનો દાવો કરવાનો પણ અધિકાર રહેશે નહિ.

વધુ માહિતી માટે સંપર્ક કરો

**જિલ્લા યુવા અધિકારી, નહેરૂ યુવા કેન્દ્ર**

બ્લોક-સી, બીજો માળ, સરકારી બહુમાળી ભવન, હિંમતનગર, ફોન નં.૦૨૭૭૨-૨૪૧૬૧૪, મોબાઇલ નં. ૯૮૨૪૯૭૯૩૭૧